ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને ત્રીજા હપ્તા પેટે રૂ. ૮૩.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ ફાળવવા બાબત વર્ષ ૨૦૨૪-૨૫

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંકઃ SJED/MIS/e-file/17/2022/1613/A-1 Section-PF1

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:**

1. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૧-૦૩-૨૦૨૪ નો ઠરાવ ક્રમાંક: SJED/BEM/e-file/17/ 2023/3374/B Section
2. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૬-૦૩-૨૦૨૪ નો ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/ 2023/3525/A Section
3. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૫/૦૯/૨૦૨૪ નો સમાન ક્રમાંકનો ઠરાવ
4. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૦/૧૧/૨૦૨૪ નો સમાન ક્રમાંકનો ઠરાવ
5. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૩-૦૧-૨૦૨૫ નો પત્ર ક્રમાંકઃ વિજાક/ નિગમ/ GUEEDC/વહીવટી/૨૦૨૫/૯૨-૯૩

**આમુખ:**

ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ માટે નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના અંદાજપત્રમાં વહીવટી ગ્રાન્ટ પેટે કુલ રૂ.૩.૩૨ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. જે પૈકી આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવથી રૂ.૨.૨૮ કરોડની ચાલુ બાબતને તથા ક્રમાંક (૨) પરના ઠરાવથી રૂ.૧.૦૪ કરોડની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૩) પરના ઠરાવથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને મંજૂર થયેલ કુલ વહીવટી ગ્રાન્ટના પ્રથમ હપ્તા પેટે રૂ.૮૩.૦૦ લાખની ગ્રાન્ટ અને વંચાણે લીધા ક્રમાંક (૪) પરના ઠરાવથી બીજા હપ્તા પેટે રૂ.૮૩.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના વંચાણે લીધા ક્રમાંક (૫) પરના તા.૨૩-૦૧-૨૦૨૫નાં પત્રથી વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં થયેલ જોગવાઇ મુજબની રૂ.૩.૩૨ કરોડની વહીવટી ગ્રાન્ટમાંથી ત્રીજા હપ્તા પેટે રૂ.૮૩.૦૦ લાખની ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ. જે બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને વર્ષ ૨૦૨૪-૨૫ માં ફાળવવામાં આવેલ બજેટ જોગવાઇ મુજબની રૂ.૩.૩૨ કરોડની વહીવટી ગ્રાન્ટમાંથી ત્રીજા હપ્તા પેટે રૂ.૮૩.૦૦ લાખ (અંકે રૂપિયા ત્યાંશી લાખ પુરા) ની વહીવટી ગ્રાન્ટ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:**

1. આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને હવાલે મૂકવાની રહેશે.
2. આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધીન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.
3. સને ૨૦૨૪-૨૫ ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
4. જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.
5. નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.
6. હવે પછી મળવાપાત્ર ગ્રાન્ટની માંગણી કરતા પહેલાં આ ઠરાવથી છૂટી કરાયેલ ગ્રાન્ટના હિસાબો સાથે દરખાસ્ત કરવાની રહેશે.
7. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદર: ૨૨૨૫ અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૮૦ સામાન્ય, ગૌણ સદર: ૧૯૦ જાહેર ક્ષેત્રની સહાયક અને અન્ય નીચે મુજબ, પેટા સદર: ૦૧ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ હેઠળ ઉધારવાનો રહેશે અને તે હેઠળ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે. વર્ષના અંતે રહેતી બચત સરકારશ્રીને પરત કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર વિભાગના અગ્ર સચિવશ્રીની તા.૦૧-૦૨-૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign

Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 04-Feb-2025 (03:45 PM)

(કલ્પના રાણા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાના:**

- અગ્રસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, બ્લોક નં.૨/૭મો માળ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી (બજેટ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી (કોમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (આ ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા વિનંતી સહ)
- સિલેક્ટ ફાઇલ.